નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦
પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઇસમોને આપવામાં આવતી સહાય બાબત
રૂ.૧૬૫૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ-૧૦૨૦૧૯-૩૩૬૯૫૪-ન.બા.૮૬-અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૨/૦૯/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૨૬/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/જન/ન.બા./મ.સ./૧૯-૨૦/૭૮૯

આ મુ ખ :-

સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઘરવિહોણા એવા લાભાર્થીઓને ઘરનુ ઘર મળે તે માટે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં વધારાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં લાભાર્થીઓને રહેણાંકના હેતુ માટે રૂ.૧.૨૦ લાખની પ્રર્વતમાન ધોરણે સહાય આપવાની નવી બાબતને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી.

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક સશપ/૧૦૨૦૧૭/૨૬૨૯૧૮/અ.૧થી આ યોજના હેઠળ સહાયની રકમમાં રૂ.૭૦,૦૦૦ થી વધારીને રૂ.૧,૨૦,૦૦૦ સહાય કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ વધારાના ૧૩૭૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓને રહેણાંકના હેતુ માટે સહાય આપવાની રૂ.૧.૨૦ લાખની પ્રર્વતમાન ધોરણે સહાયની રકમ ગણતા રૂ.૧૬૫૦.૦૦ લાખની નવી બાબતનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઘર વિહોણા એવા લાભાર્થીઓને ઘરનું ઘર મળે તે માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં વધારાના ૧૩૭૫ લાભાર્થીઓને રહેણાંકના હેતુ માટે સહાય આપવાના રૂ.૧.૨૦ લાખના પ્રવર્તમાન ધોરણે સહાયની રકમ ગણતા વર્ષ

૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં સમાવાયેલ રૂ.૧૬૫૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો :-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવેલ ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. ગ્રામ વિકાસ વિભાગ મારફત PMAY(G)યોજનાનો અમલ ચાલુ છે. તેમાં ઇલેક્ટ્રોનીક રીતે લાભાર્થીઓની યાદી, Geo Tagging વગેરે તમામ માહિતી રાખવામાં આવે છે તે પ્રમાણે માહિતી જિલ્લા અને રાજ્ય લેવલે રાખવા નિયામક કચેરી યોગ્ય કાર્યવાહી કરશે. PMAY(G) નાં ધોરણો પ્રમાણે Online તમામ માહિતી પણ મૂકવાની કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું

કલ્યાણ, ગૌણ સદર:૨૮૩-આવાસન, પેટા સદર:૦૧-ઓબીસી-૧૪ પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના બાબત નંબર: (૧૦) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને મકાન બાંધકામ સહાય આપવા બાબત હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય પી. ચોટલિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.